RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટ જિલ્લામાં ગેરકાયદે ઘુસણખોરી કરીને રહેતી બે બાંગ્લાદેશી મહિલાઓ ઝબ્બે P-4


Year-16, Issue-59 ■ DATE : 16-06-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# અલવિદા... વિજયભાઈ : ગુજરાત શોકમાં ડૂબ્યું

## તિરંગામાં લપેટાયેલો પાર્થિવ દેહ રાજકોટ લવાતા કરૂણ દ્રશ્યોઃ અંતિમ દર્શન માટે જનમેદની ઉમટીઃ સાંજે સંપૂર્ણ રાજકીય માન સન્માન સાથે અંતિમવિધિ



### કેન્દ્રીય ગૃહમંત્રી શાહ, પ્રદેશ ભાજપ પ્રમુખ પાટિલ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ સહિત મંત્રીમંડળના સભ્યો-ધારાસભ્યો-નગરજનો અંતિમયાત્રામાં જોડાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પનોતાપુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની વિમાન દુર્ઘટનામાં આકસ્મિક વિદાય બાદ ગઈ કાલે સદગતનો પાર્થિવદેહનાં ડીએનએ મેચિંગની કામગીરી આટોપાયા બાદ આજે સવારે હોસ્પીટલ તંત્ર દ્વારા સદગતના મૃતદેહની પરિવારજનોને સોંપણી કરવામાં આવી હતી. તે પછી ખાસ વિમાન દ્વારા તેમના પાર્થિવદેહને તેમના માદરેવતન રાજકોટ લાવવામાં આવ્યો હતો.

ગ્રીનલેન્ડ ચોકડીથી તેમના મૃતદેહને તેમના નિવાસસ્થાને લવાતા કરૂણ દ્રશ્યો સર્જાયા હતા. હૈયાફાટ રૂદનથી માહોલ શોકાતુર બન્યો હતો. તે પછી ૪ થી ૫ દરમ્યાન તેમના પાર્થિવદેહને અંતિમદર્શન માટે રાખવામાં આવશે. જયાં નગરજનો આગેવાનો સદગતને અંતિમ શ્રધ્ધાંજલિ અર્પણ કરશે સાંજે ૫ વાગ્યા બાદ તેમની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાનેથી શરૂ થઇ રામનાથ યશ સ્મશાન ગૃહે જશે. જયાં સંપૂર્ણ રાજકીય માન સન્માન સાથે સ્વ. વિજયભાઇ તો અંતિમ સંસ્કાર થશે. ચાહતીન શત્રુ એવા સ્વ. વિજયભાઇની અંતિમયાત્રામાં જોડાવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ, જળ સંપતિ મંત્રી પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી સહિત મંત્રીમંડળના સભ્યો ભાજપ આગેવાનો કોર્પોરેટરો સહિત વિશાળ સંખ્યામાં નગરજનો અંતિમયાત્રામાં જોડાયા હતા. અને સદગતને અશ્રુભીનિ શ્રધધાજંલિ પાઠવી હતી. અંતિમયાત્રા દરમ્યાન રસ્તાની બંને બાજુઓથી લોકો વિજયભાઇ અમર રહોના નારા લગાવશે.

રાજકોટના વિકાસપુરૂષ અને શહેરના વિકાસમાં સિંહફાળો આપનાર પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીનો મૃતદેહ આજે સવારે ૧૧.૩૦ કલાકે પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

જે બાદ ૧૨ વાગ્યાની આસપાસ હવાઈ માર્ગેથી પરિવાજનો મળતદેહ લઈને રાજકોટ જવા રવાના થશે. સાંજે ૪થી ૫ વાગ્યા સુધી વિજયભાઈ રૂપાણીનો પાર્થિવ દેહ તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે રખાશે. ૫ વાગ્યા પછી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અંતિમ યાત્રા નીકળશે, અને રામનાથ પરા સ્મશાન ગળહમાં અગ્નિદાહ સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ પંચમહાભૂતમાં વિલિન થઈ જશે...

આજે રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અંતિમયાત્રા નીકળશે. અંતિમયાત્રામાં કેન્દ્રીય ગળહ મંત્રી શાહ ત્રણ વાગે આવી પહોંચશે. અમિત શાહ સહિત અનેક સેલિબ્રિટી રાજકોટ આવી પહોચશે. સંઘના આગેવાનો પણ રાજકોટ વિજયભાઈ રૂપાણીની અંતિમયાત્રામાં જોડાશે.

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના આજે અંતિમ સંસ્કાર કરાશે. તેમના નિધનને પગલે આજે એટલે કે ૧૬ જૂને એક દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આજે રાષ્ટ્ર ધ્વજ અડધી કાઠીએ ફરેકલો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી લંડન જઇ રહેલી એઆઇ ૧૭૧ ફ્લાઇટ અમદાવાદમાં ક્રેશ થઇ અને માત્ર એક વ્યક્તિને બાદ કરતા તમામ મુસાફરોનાં મોત નિપજ્યાં છે. જેમાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો પણ સમાવેશ થાય છે. તેઓ ફાધર્સ ડે હોવાથી પોતાની પુત્રીને મળવા માટે જઇ રહ્યા હતા. જો કે ગોઝારી દુર્ઘટનામાં તેમનું મોત નિપજ્યું છે.

ગઇકાલે તેમના મેચ થઇ જતા તેમનાં પાર્થિવ દેહને સંપુર્ણ રાજકીય સન્માન સાથે વિદાય આપવા માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી..સરકારે વિજય રૂપાણીના પરિવારને અંતિમ વિધિનો કાર્યક્રમ નક્કી કરવા માટેની છુટ આપી હતી. જે અનુસંધાને તેમનાં પરિવાર દ્વારા સરકારને અપાયેલા માર્ગદર્શન અનુસાર તેમના અંતિમ સંસ્કારનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

બપોરે ૨ થી ૨.૩૦ રાજકોટ એરપોર્ટથી ગ્રીન લેન્ડ ચોકડી સુધી પહોંચશે. ૨.૩૦ થી ૦૪.૦૦ વાગ્યા સુધી વિજય રૂપાણીનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે ગ્રીનલેન્ડ ચોકડીથી રાજકોટ નિવાસ સ્થાને જવા માટે રવાના થશે. આ દરમિયાન ગ્રીનલેન્ડ ચોકડીથી, રણછોડદાસબાપુ આશ્રમ રોડ, બાલક હનુમાન ચોકથી કેડીથી સંત કબીર રોડથી સરદાર સ્કુલ પાસેથી પૂજીત રૂપાણી ટ્રસ્ટથી ભાવનગર રોડ થઈને પારેવડી ચોકથી કેસરીહિંદ પુલથી સીવીલ હોસ્પિટલથી ચૌધરી હાઇસ્કુલથી બહુમાળી ભવનથી જીલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોકથી હનુમાનમઢી ચોક રૈયા રોડથી નિર્મલા કોન્વેન્ટ રોડથી પ્રકાશ સોસાયટી તેમનાં નિવાસ સ્થાને પહોંચશે. ૪થી ૫ વાગ્યા દરમિયાન પાર્થિવ દેહને નિવાસ સ્થાને દર્શન માટે મુકાશે.. ત્યાં તેમને સંપુર્ણ રાજકીય સન્માન આપવામાં આવશે. ત્યાર બાદ સાંજે ૫ વાગ્યા બાદ તેમના સંપુર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ૫ થી ૬ નિવાસસ્થાનેથી રસમનાથપરા સ્મશાન સુધીની અંતિમ યાત્રા પ્રકાશ સોસાયટી (નિવાસ સ્થાન), નિર્મલા કોન્વેન્ટ રોડ, કોટેચા ચોક, કાલાવડ રોડ, મહિલા કોલેજ ચોક, એસ્ટ્રોન ચોક, સરદારનગર મેઈન રોડ, યાજ્ઞીક રોડ, માલવિયા ચોક, ત્રિકોણબાગ ચોક, કોર્પોરેશન ચોક, બાલાજી મંદિર ચોક, રાજશ્રી ટોકીઝ રોડ, સ્વામીનારાયણ મંદિર, ભુપેન્દ્ર રોડ, રામનાથ પરા સ્મશાન, ત્રણ શોકસભાનું આયોજન મંગળવારે રાજકોટમાં અને બુધવારે ગાંધીનગરમાં પૂર્વ મુખ્યમંત્રીની શોકસભા રાખવામાં આવશે. વિજય રૂપાણીના નિધનથી રાજકોટ શોકમાં ડૂબ્યું છે. હંમેશા લોકોની મદદ માટે તૈયાર રહેતા પૂર્વ મુખ્યમંત્રીને રાજકોટ સહિત આખું ગુજરાત ભીની આંખે શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. મહત્વનું છે કે, સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા વિજય રૂપાણીએ પાંચ વર્ષ સુધી ગુજરાતની ધુરા સંભાળી હતી. ૧૨ જૂને અમદાવાદથી લંડન જતી ફ્?લાઈટમાં તેઓ પોતાના પરિવારને મળવા જઈ રહ્યા હતા. પરંતુ આ ફ્લાઈટ દુર્ઘટના બની અને તેમનું નિધન થયું.

### કાલે રાજકોટમાં, ગુરુવાર અને શુક્રવારે ગાંધીનગરમાં પ્રાર્થના સભા

રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રાર્થના સભા તા.૧૭ના મંગળવારે બપોરે ૩થી સાંજે ૬ રેસકોર્સ મેદાન ખાતે યોજવામાં આવશે. તા.૧૯ ને ગુરુવારે સવારે ૯થી ૧૨ ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ સેકટર૧૭ખાતે એક્ઝીબિશન સેન્ટર હોલ-૧ ખાતે પણ પ્રાર્થના સભા યોજવામાં આવી છે શુક્રવાર તા.૨૦ના રોજ ગાંધીનગર પ્રદેશભાજપ કાર્યાલય કમલમ(કોબા) ખાતે બપોરે ૪થી સાંજે ૬ પ્રાર્થના સભા યોજવામાં આવી રહી છે.

### ઘરે સલામી અને સ્મશાને ગાર્ડ ઓફ ઓનર

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સરકારી સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવનારછે. આ માટે કાલે તેમના ઘરેથી વિદાય સમયે પોલીસ તંત્ર દ્વારા સલામી આપવામાં આવશે અને રામનાથ પરા સ્મશાન ખાતે અગ્નિસંસ્કાર પહેલા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવનાર છે.

## સતત ચોથા દિવસે ઈઝરાયેલના ઈરાન પર ભીષણ હુમલા



ઈરાનના ઈન્ટેલીજન્સ વડા હુમલામાં માર્યા ગયા

**મુખ્ય સમાચાર, તહેરાન**

તહેરાન ઈરાનના અણુ કાર્યક્રમને નષ્ટ કરવા ઈઝરાયેલ એ શરૂ કરેલા આક્રમણમાં આજે ચોથા દિવસમાં પણ ઈઝરાયેલના યુદ્ધ વિમાનો તથા મિસાઈલ ડ્રોનના ભીષણ હુમલા ચાલુ જ રહ્યા છે અને ઈઝરાયેલ તહેરાન હવાઈ મથકને લગભગ તબાહ કર્યા બાદ તહેરાનમાં જ આવેલા ઈરાનના ઈસ્લામીક રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના વડામથકને નિશાન બનાવ્યુ હતું અને તેના ઈન્ટેલીજન્સ વડા બ્રિગેડિયર જનરલ મોહમ્મદ કાઝમી અને તેના ડેપ્યુટી જનરલ હસન મોહકિકને પણ ખત્મ કર્યા છે.

આમ ઈરાનના સૈન્ય તથા અણુ કાર્યક્રમના ટોચના જનરલ વૈજ્ઞાનિકો ઈઝરાયેલનું નિશાન બની રહ્યા છે તો બીજા એક અહેવાલ મુજબ ઈઝરાયેલના ટાર્ગેટ પર હવે ઈરાનના ટોચના વડા અયાતુલ્લાહ અલી ખામેનેઈ હોવાની ધારણાએ ખામેનેઈ અને તેના પુરા કુટુંબને એક સલામત બંકરમાં લઈ જવામાં આવ્યા છે.

ઈસ્લામીક રીવોલ્યુશનરી ગાર્ડના બે ટોચના અધિકારીઓ પર હળવો અને તેનો ખાત્મો એ ઈરાનને વધુ એક મોટો ફટકો છે. અગાઉ ઈરાનના દળના વડા પણ ઈઝરાયેલના હુમલામાં માર્યા ગયા હતા. રીવોલ્યુશનરી ગાર્ડને આ ત્રીજી મોટી ખુવારી સહન કરવી પડી છે.

રીપોર્ટ મુજબ ઈરાનના આ સર્વોચ્ચ વડા ખામેનેઈને નિશાન બનાવ્યુ નથી. જેથી તેઓ અમેરિકા સાથે વાટાઘાટ અંગે નિર્ણય લઈ શકે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ ખાસ કરીને ઈરાનની અણુ અને લશ્કરી તાકાત તોડવા માંગે છે જેથી તે લાંબા સમય સુધી ફરી પગભર બની શકે નહી.

બીજી તરફ ઈરાને હાલ હુમલા રોકાય નહી ત્યાં સુધી વાટાઘાટનો ઈન્કાર કર્યો છે અને ઈઝરાયેલ પર વધુ હુમલા કર્યા છે. ઈઝરાયેલના સૌથી મોટા શહેર યેરૂસલામના તમામ વિસ્તારોમાં રાતભર હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે.

## ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુધ્ધ ફાટી નીકળતા ક્રુડતેલના ભાવ બેકાબુ બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુદ્ધ વધુને વધુ વકરવા સાથે બન્ને દેશો એકબીજાનાં પેટ્રોલીયમ ક્ષેત્રોને નિશાન બનાવવા લાગ્યા હોવાથી ક્રુડતેલનાં ભાવમાં મોટી ઈફેકટ આવવાના અને તે સંજોગોમાં મોંઘવારી ફરી બેકાબુ બનવાના ભણકારા છે.

ઈરાને ઈઝરાયેલનાં ઉતરીય શહેર હાઈફા પર બેલાસ્ટીક મિસાઈલો ઝીંકી હતી જયાં ઈઝરાયેલની કેટલીક તેલ રીફાઈનરી છે. બીજી તરફ ઈઝરાયેલે પણ ઈરાનના અનેક તેલ-ગેસ ક્ષેત્રમાં તથા રિફાઈનરીઓને નિશાન બનાવી હતી.

રીપોર્ટ પ્રમાણે ઈરાનમાં અનેક રીફાઈનરી તથા તેલ-ગેસ ક્ષેત્રો આગની લપેટમાં છે અને તેની હેઠળ ક્રુડતેલમાં ભાવ સળગી શકે છે ૨૦ વર્ષનો સૌથી મોટો ઉછાળો આવવાના ભણકારા છે.

વિશ્વ બજારમાં આજે સવારે ડબલ્યુટીઆઈ ક્રુડ ૭૩.૭૫ ડોલર તથા બ્રેન્ડ ક્રૂડ ૭૪.૯૭ ડોલર સાંપડયુ હતું. તેમાં સરેરાશ એક ટકાનો વધારો હતો.

આ પૂર્વે ગત શુક્રવારે પણ ક્રુડમાં મોટી ઉથલપાથલ જોવા મળી હતી.



વૈશ્વિક નિષ્ણાંતો એવી લાલબતી ધરી રહ્યા છે કે મધ્યપૂર્વમાં તનાવ અને યુદ્ધ વકરવાના સંજોગોમાં ક્રુડતેલની કિંમત ૧૨૦ ડોલરને આંબી શકે છે.

ઈરાનની તેલ સપ્લાય અવરોધાઈ શકે છે જેવા પરીણામો ક્રુડ તેલની કિંમતમાં બહુ મોટી તેજી શકય છે. તેજી અચાનક અને એકસામટી થવાની આશંકા છે. પ્રવર્તમાન હાલત ચકાસવામાં આવે તો ઈરાનના સાઉથ પાર્સ ગેમ ફિલ્ડમાં ઈઝરાયેલ હુમલા બાદ ઉત્પાદન બંધ કરી દેવાયું છે. જયાંથી દૈનિક ૧.૨ કરોડ કયુબીક મીટર ગેસનું ઉત્પાદન થાય છે આજ રીતે પશ્ચિમ તહેરાનમાં શાહરન તેલક્ષેત્રમાં પણ પ્રચંડ આગ છે.

## રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું આગમન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ચોમાસાએ દસ્તક દીધા છે. ગઇકાલે જુનાગઢ, ભાવનગર, અમરેલી, જામનગર જિલ્લામાં ધીમી ધારે મેઘરાજાનું આગમન થયું છે. ભાવનગર જિલ્લાના વલ્લભીપુરમાં દોઢ ઈંચ, જુનાગઢ શહેરમાં ૧ ઈંચ, અમરેલી જિલ્લામાં અર્ધોથી પોણો ઈંચ, જામનગર જિલ્લાના છ ગામોમાં પોણો ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.


અમરેલી જિલ્લામાં વિજળી પડવાથી અને તણાઇ જવાથી બેના મોત થયા છે. તો ખંભાળીયા પંથકમાં પણ રવિવારે બપોરે સારો એવો વરસાદ પડતા ખેડુતો રાજીના રેડ થયા છે. રાજકોટ સહિતના સૌરાષ્ટ્રમાં પણ વાદળછાયુ વાતાવરણ છે. જુનાગઢ,



અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં પણ સારો વરસાદ વરસ્યો છે. સોરઠમાં વિસાવદર, વંથલી, મેંદરડા, માણાવદર, જુનાગઢ પંથકમાં ૧ થી ૩ ઈંચ વરસાદ વરસ્યાના અહેવાલ છે. આ સાથે જ ખેડુતો વાવણીની તૈયારી કરવા લાગ્યા છે.

ગોહિલવાડ પંથકમાં ચોમાસાના શ્રી ગણેશ થયા છે. રવિવારે મોડી સાંજે મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતું. ભાવનગર શહેર અને જિલ્લાના વલભીપુર અને ઘોઘામાં ધોધમાર વરસાદ પડ્યો હતો.વલભીપુરમાં દોઢ ઈંચ, ઘોઘા માં એક ઈંચ અને ભાવનગર શહેરમાં અડધો ઈંચ વરસાદ પડ્યો છે. આજે સોમવારે પણ સવારે ભાવનગર શહેરમાં ધીમી ધીમી ધારે વરસાદ પડ્યો હતો. ગોહિલવાડ પંથકમાં છેલ્લા કેટલા દિવસથી ગરમી બાદ ગઈકાલે મોડી સાંજે મેઘરાજાનું આગમન થતા લોકોમાં આનંદ ની લાગણી ફેલાઈ હતી. મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી ની ઘટાડો હતા અને વરસાદ આવતા લોકોને ગરમી માંથી છુટકારો મળ્યો હતો. ભાવનગર શહેર ઉપરાંત જિલ્લા ના વલભીપુરમાં પણ ગાજવીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. વલભીપુરમાં દોઢ ઈંચ થી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે ગોગા માં એક જેટલો વરસાદ પડ્યો છે.

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



### સ્વ.વિજયભાઈ રમણીકલાલ રૂપાણી

**પૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત, સ્વ. તા.૧૨/૬/૨૦૨૫ ગુરૂવાર**

જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા, દુઃખને દેખાડ્યું નહિ, સુખને છલકાવ્યું નહીં, શૂન્યમાંથી સર્જન કરી ધર્મ-કર્મ સેવા થકી સમાજ માટે ફુલો પાથરી ગયા અને પાંપણના પલકારે સ્વર્ગ પામી ગયા

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

## લિ. મુખ્ય સમાચાર પરિવાર

# બચુનગરના મેગા ડિમોલેશન દરમિયાન ધાર્મિક સ્થળમાં ઉભી કરાયેલી લક્ઝરીયસ સુવિધા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ૧૧,૦૦૦ ચોરસ ફૂટ થી પણ વધુ જગ્યામાં ધાર્મિક સ્થળના દબાણ ની સાથે સ્વિમિંગ બાથ ટબ તેમજ અનેક રૂમ સહિતના લક્ઝરીયસ દબાણો જોવા મળ્યા.ધાર્મિક સ્થળમાં કોઈ રકમ સ્વીકારવાની મનાઈ છતાં લક્ઝરીયસ સુવિધા ઉભી કરવા નું ફંડ ક્યાંથી આવ્યું ? જામનગરના બચુ નગર વિસ્તારમાં ધાર્મિક સ્થળનું પણ બિનઅધિકૃત બાંધકામ જોવા મળ્યું હતું, અને અંદાજે ૧૧,૦૦૦ ચોરસ ફૂટ જેટલી જગ્યામાં ધાર્મિક સ્થળનું બાંધકામ કરવામાં આવ્યું છે, જે ની અંદર એસ.પી. પ્રેમસુખ ડેલુ અને તેઓની ટીમ નિરીક્ષણ કરવા માટે ગઈ હતી, ત્યારે અંદર લક્ઝરીયસ સુવિધાઓ વગેરે નિહાળીને પોલીસ તંત્ર પણ અચંબીત બન્યું હતું, ઉપરાંત આ સ્થળે કોઈપણ પ્રકારના પૈસા સ્વીકારવામાં આવતા નથી, તેવી લેખિત જાહેરાત કરાયેલી છે. તેમ છતાં આટલા મોટા લક્ઝરીયસ બાંધકામ માટે ફંડ ક્યાંથી આવ્યું ?

જામનગરના બચુ નગર વિસ્તારમાં 'યા મિસ્કીને નવાજ' નામની મજાર શરીફ આવેલી છે, જે અંદાજે ૧૧,૦૦૦ ચોરસ ફુટ જેટલી સરકારી જગ્યામાં ધાર્મિક સ્થળ નું બાંધકામ કરાયેલુ છે.આ મજાર શરીફ માં કોઈ પણ પ્રકારના પેટી પટારા રાખવામાં આવ્યા નથી, તેમજ અહીં પૈસા રાખવાની મનાઈ છે. અને આ શહેનશાહના દરબારમાં માત્ર ભીખ માંગવા આવે છે, પરંતુ ભીખ દેવા નહીં, જેવા સૂત્રો લખીને કોઈપણ પ્રકારના પૈસા સ્વીકારવામાં આવતા ન હતા.જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ અને અન્ય પોલીસ ટુકડીએ નિરીક્ષણ કર્યું હતું, જે દરમિયાન મજાર શરીફમાં અનેક લક્ઝરીયસ સુવિધા જોવા મળી હતી.

ઉપરાંત કલરફુલ અને આકર્ષક ટાઇલ્સ અને માર્બલ જડેલા સંખ્યાબંધ રૂમ આવેલા હતા. જયારે મજારમાં અલગથી સ્પેશિયલ રૂમ બનાવેલો હતો, જેમાં અત્યાધુનિક સ્વિમિંગ બાથ ટબ પણ બનાવેલો જોવા મળ્યો હતો, જે બાથ ટબ વાળા રૂમના દરવાજા પર અલગથી નોટિસ લગાવેલી હતી, અને કોઈપણ પ્રકારના બહારની વ્યક્તિને તેમાં પ્રવેશ અપાતો ન હતો, ઉપરાંત વિશેષ સૂચના પણ લખવામાં આવી હતી, કે આ રૂમ ની અંદર રજા સિવાય કોઈપણ વ્યક્તિએ આવવાની સખત મનાઈ છે.ઉપરાંત એક સૂત્ર એવું પણ લખેલું હતું, કે ''યાદ હૈ તો આબાદ હૈ, ભૂલ ગયે તો બરબાદ હૈ'' જેનો અર્થ શું કાઢવો, ઉપરાંત આ સ્થળે કોઈપણ પ્રકારની રકમ સ્વીકારવામાં આવતી નથી તો આટલો મોટો ખર્ચો કરીને આ મજારશરીફ કઈ રીતે ઊભી થઈ, અને તેની પાછળ કોનું ફંડિંગ છે, તે પણ તપાસનો વિષય બન્યો છે. અને હાલમાં મજારના મૂંઝાવર લાપતા બન્યા હોવાથી પોલીસ તંત્ર તેઓને શોધી રહ્યું છે.

# જામનગર શહેરના દરેડ જીઆઈડીસીમાં આવેલા એક કારખાનાની પિતળની ભઠ્ઠીમાં બ્લાસ્ટ થતાં ૪ દાઝી ગયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના દરેડ જીઆઈડીસીમાં આવેલા એક કારખાનાની પિતળની ભઠ્ઠીમાં બ્લાસ્ટ થતાં તેમા કામ કરી રહેલા ચાર જેટલા લોકો દાઝી ગયા હતાં, જેમાં એકની હાલત ગંભીર ગણાવાઇ રહી છે. બનાવ બાદ તમામને જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં, જયાં તેમની સારવાર ચાલી રહી છે.બનાવ અંગે ભઠ્ઠી માલિક દ્વારા ફાયર બ્રિગેડ કે પોલીસ કોઇપણને જાણ કરવામાં આવી ન હતી. જામનગર શહેરના ઔદ્યોગિક વિસ્તાર એવા દરેડ જીઆઇડીસીમાં આવેલી શાંતી મેટલ્સ નામના કારખાનામાં રવિવારે સાંજે પિતળની ભઠ્ઠીમાં અચાનક કોઇ કારણોસર મોટો બ્લાસ્ટ થતાં ચાર પરપ્રાંતિયો જે તેમાં કામ કરી રહ્યા હતાં તે દાઝી ગયા હતાં.તેમને તાત્કાલિક ૧૦૮





મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવતા બર્ન્સ વિભાગમાં તેમની સારવાર ચાલી રહી છે. ઇજા પામનારાઓમાં અનિલ રાજેશભાઇ કમલ (ઉ.વ.30), સંજય પાસમાલ (ઉ.વ.૩૬) અને વિજયકુમાર તેજપાલ (ઉ.વ.૨૧) અને સોમપાલ (ઉ.વ.૨૨) હાલ સારવાર હેઠળ છે, જેમાંથી વિજયની હાલત થોડી ગંભીર ગણાવાઇ રહી છે.બનાવ અંગે શાંતિ મેટલ્સના માલિકો દ્વારા પોલીસ કે ફાયર બ્રિગેડને જાણ કરવામાં ન આવી હતી. પરંતુ આ અંગે પોલીસને જાણ થતાં તેમને એક ટીમ કારખાના ખાતે રવાના કરી તપાસ હાથ ધરી છે. બનાવ અંગે હજુ નકકર વિગતો બહાર આવી નથી જોકે, પોલીસ તપાસ ચાલુ થઇ ગઇ છે.

# કાલાવડમાં એડવોકેટની હત્યાના આરોપીઓને ઝડપી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં આડા સંબંધની શંકાએ કાલાવડ વકીલ મંડળના સેક્રેટરી અને જાણીતા એડવોકેટ ઈમ્તિયાઝ ડોડીયાની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ બનાવથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને જામનગરના વકીલ આલમમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. આ મામલે પોલીસે એડવોકેટને છરીના ૯ ઘા મારનાર બે આરોપીને ઝડપી પાડ્યા છે.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, કાલાવડની શીતલા કોલોની વિસ્તારમાં રહેતા એડવોકેટ ઈમ્તિયાઝ ડોડીયા ગઈકાલે રાત્રે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા અને ઘરનું તાળું ખોલી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ત્રણ શખ્સો ધસી આવ્યા હતા અને તીક્ષ્ણ હથિયાર એટલે કે છરી વડે તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો.



આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ઈમ્તિયાઝ ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.બનાવની જાણ થતાં જ કાલાવડમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈમ્તિયાઝભાઈના ભાઈ આસિફભાઈ ડોડીયા સહિતના પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઇજાગ્રસ્ત એડવોકેટને તાત્કાલિક સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જો કે, હોસ્પિટલમાં પહોંચે તે પહેલાં જ ઈમ્તિયાઝભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા. આ કરુણ ઘટનાની જાણ થતાં કાલાવડ પોલીસ તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવ્યો હતો.મૃતકના ભાઈએ વૈભવ ચાવડા અને યોગેશ ઉર્ફે લાલો પરમાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વૈભવ ચાવડાને શંકા હતી કે ઈમ્તિયાઝ તેની પત્ની પર ખરાબ નજર રાખે છે. આ શંકાના આધારે હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.ઘટનાની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડાએ સમગ્ર જિલ્લામાં નાકાબંધીનો આદેશ આપ્યો હતો. પોલીસે આખી રાત કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. એલસીબીની ટીમે બંને આરોપીઓને ઝડપી લીધા છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

# જામનગરમાં વર્લ્ડ ડોનર્સ ડે નિમિત્તે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વર્લ્ડ ડોનર્સ ડે નિમિત્તે શ્રી સત્ય સાંઈ વિદ્યાલયમાં એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના નિર્દેશાનુસાર ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીજી હોસ્પિટલની બ્લડ બેન્ક શાખા દ્વારા રક્તદાન એકત્રીકરણની વ્યવસ્થા કરવામાં આવી હતી.જેમાં,એનસીસીના આર્મી તથા નેવીના કેડેટ્સ, એએનઓ, પીઆઇ અને સિવિલ સ્ટાફ તથા શ્રી સત્ય સાંઈ વિદ્યાલયના શિક્ષકો દ્વારા રક્તદાન કરીને મહાદાનનો લાભ લીધો હતો. આ રકતદાન કાર્યક્રમમાં ૨૭ ગુજરાત એનસીસી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ મનીષ દેઓરે તથા ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર સ્નેહા રાયની વિશેષ ઉપસ્થિતિ અને માર્ગદર્શન રહ્યું હતું.

# લગ્ન બાદ પૂર્વ પ્રેમીની સતામણીથી કંટાળી યુવતીનો આપઘાતનો પ્રયાસ

## પ્રેમી સતત ફોન કરી પતિને માર મારવાની ધમકી આપતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મનહરપુર વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય પરણિતાએ લગ્ન બાદ પૂર્વે પ્રેમીએ સતામણી કરી પતિને માર મારવાની ધમકી આપતાં કંટાળીને તેણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર રોડ ઉપર આવેલ મનહરપુર વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય પરણિતાએ આરોપી તરીકે સુરેશ નામના શખસનું નામ આપતા ફરિયાદ નોંધાવી હતી કે, લગ્ન પૂર્વ તેણી ઘરે ઈમિટેશનનું કામ કરતી હોવાથી સુરેશના સંપર્કમાં આવેલી અને બંને વચ્ચે મિત્રતા થઈ હતી. એક મહિના અગાઉ તેણીના લગ્ન થઈ જતાં પ્રેમી સુરેશ સાથે સંબંધ તોડી નાખ્યા હતા. જે બાદ પણ પ્રેમમાં નિરાશાથી રઘવાયો બનેલો સુરેશ વારંવાર પરિણીતાના પતિને વોટ્સએપ તેમજ સોશિયલ મીડિયા મારફતે ફોન કરી માર મારવાની ધમકી આપતો હોય તેથી કંટાળીને પરણિતાએ ઘરે એક વાર ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પૂર્વ પ્રેમીના અસહ્ય ત્રાસથી કંટાળીને આખરે પરણિતાએ તેના વિરુધ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ હિતેશ જોગડા દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજનગર સોસાયટીમાં ભીના હાથે પિન ભરાવતાં ૪૬ વર્ષીય મહિલાનું વીજશોકથી મોત

## ઈલેક્ટ્રિક સોકેટમાં પિન ભરાતા કપડાં ધોતાં સમયે ફ્રીઝ ચાલુ કર્યું અને મહિલાનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રાજનગર સોસાયટીમાં કપડાં ધોતાં સમયે ફ્રીઝ ચાલુ કરવા ઈલેક્ટ્રિક પેનલમાં પિન ભરાવતા જ ૪૬ વર્ષીય મહિલાને જોરદાર વીજશોક લાગતાં ઘટના સ્થળે જ તેમનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, રાજનગર સોસાયટી શેરી નં ૪ માં રહેતાં ૪૬ વર્ષીય પ્રફુલાબેન જીતેન્દ્રભાઈ ડોડીયા ગઈકાલે બપોરે ૧ વાગ્યા આસપાસ ઘરે કપડાં ધોઈ રહ્યા હોય ત્યારે તેઓએ ભીના હાથે ફ્રીઝ ચાલુ કરવા હતો, અને બેભા થઈ ૨૫ળી ૧૦૮ની જાણ કરતા તબીબે સ્ટાફે પ્રફુલાબેનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. ઘટનાની માહિતી મળતા જ માલવિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કેતનભાઈ શેખલિયા અને રાઈટર હાજાભાઈ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. વધુમાં મૃતક પ્રફુલાબેનના પતિ કારખાનામાં મજુરી કામ કરે છે.અને સંતાનમાં એકની એક પુત્રી છે. બનાવથી પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

# આજે વકીલો વિજયભાઈ રૂપાણીની અંતિમયાત્રાને લઈને કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું અમદાવાદ વીમાન અકસ્માતમાં અવસાન થયું હોય જેમની આજે અંતિમ પાત્રા છે. ત્યારે રાજકોટ બાર એસોસિએશન દ્વારા એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ આજ ના દિવસે શહેરના મોટા ભાગના રસ્તાઓ બંધ રહેશે જેથી પક્ષકારોને હાલાકી ન પડે તે માટે એક દિવસ વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેશે. વિજયભાઈ રૂપાણીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજકોટ શહેરને નવું અધ્યતન કોર્ટ બિલ્ડિંગ આપ્યું હતું અને રાજકોટ બાર એસોસિએશનને અનેક રીતે ઉપયોગી થયા હતા.

તેમના સન્માનમાં અને શહેરમાં રસ્તાઓ બંધ રહેવાને કારણે બહારગામથી આવતા વકીલો અને પક્ષકારોને હાલાકી ન થાય, તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત, રાજકોટ બાર એસોસિએશન દ્વારા ન્યાયાધીશોને વિનંતી કરવામાં આવી છે કે, કેસોની હાલની સ્થિતિ જાળવી રાખવામાં આવે જેથી કોર્ટની કાર્યવાહી પર અસર ન પડે. આ નિર્ણય વિજયભાઈ રૂપાણી પ્રત્યેની શ્રદ્ધાંજલિ અને શહેરની વ્યવહારિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

# મામાજીની પુત્રીના પ્રેમમાં પડેલો પતિ ત્રાસ ગુજારે છે, સાસરિયાઓ સાથ આપતા હોવાનો આક્ષેપ

## પરિણીતાએ પતિ, દિયર, સાસુ, સસરા, મામાજી સાસુ-સસરા, નાનીજી સહિતના સામે આરોપો મુકી નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર રોયલ પાર્કમાં હવેલી નજીક પિયરમાં રહેતી પરિણીતા નિરાલી હિમાંશુ વસંતે પતિ હિમાંશુ, સસરા સુરેશભાઈ વસંતરાય વસંત, સાસુ સીમાબેન, તબીબ દિયર કિશન (રહે.બધા સાગર ગીતાનગર, ગુરૂકુળ, ઢેબર રોડ) તેમજ સુરતના વરાછામાં રહેતા મામાજી સસરા જયેશભાઈ પ્રભુદાસ કાનાબાર, મામાજી સાસુ નિરાલીબેન તેમજ મામાજીની પુત્રી ઉપલેટામાં રહેતી જીલ આશિષભાઈ ચોટાઈ તથા નાનીજી સાસુ પ્રવિણાબેન સામે મહિલા પોલીસ મથકમાં માર માર્યાની, ધમકી આપ્યાના આરોપસર ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં મુકેલા આરોપોમાં ગત વર્ષે તા.૧૧-૬-૨૪ના રોજ લગ્ન થયા હતા. પતિતને મામાજીની પુત્રી જીલ સાથે પ્રેમસંબંધ હતા. બન્ને વીડિયોકોલમાં વાતો કરતા હતા અને જીલ ધમકી આપતી. દામ્પત્ય જીવનમાં દખલ કરતી હતી, પતિ સાથે હનીમૂનમાં દુબઈ ગઈ તો પતિ માર મારતો હતો. અંગુઠામાં ઈજા પહોંચાડી હતી. સંબંધો બાબતે સાસુ-સસરા વાત કરતા આવું તો થાય, સહન કરવું પડશે કહી ધમકી આપી હતી. અમદાવાદ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો દિયર કિશન શનિ-રવિ રજામાં આવતો હતો ત્યારે ધમકી આપતો હતો, હું હાડકાનો ડોક્ટર છું, શરીરમાં ક્યાં પોઈન્ટથી શું થાય તે મને બધી ખબર છે, પોઈન્ટ દબાવી દઈશ, મારી નાખવાની ધમકી આપતો હતો.

મામાજી સસરા જયેશભાઈ કહેતા કે હું તાંત્રિકવિધિ જાણું છું, અમારી કોઈ વાત તારા પિયરમાં કહેતી નહીં બાકી તાંત્રિકવિધિ કરી નાખીશ. પતિને અને મામાજી સાસુને પણ સંબંધો હોવાથી અમારે અવારનવાર ઝઘડો થતો હતો. નાનીજી સાસુ પ્રવિણાબેન સાથે સાસુએ વીડિયોકોલમાં જન્મદિવસે વાત કરાવી ત્યારે નાનાજીએ ધમકી આપી કે તારો પતિ સાવ બદલાઈ ગયો છે, તું અમારા ઘરે જવા દેતી નથી. જો જીલ સાથે વ્યવહાર તારો પતિ નહીં રાખે તો તારા મામાજીની પહેલી પત્નીને મારી નાખી તેમ તને મારી નાખશું, કોઈને ખબર નહીં પડે. આમ, બધા મળીને ત્રાસ આપતા હોવાનો આરોપ ફરિયાદમાં મુક્યો છે. પોલીસે ફરિયાદમાં શું અને કેટલું તથ્ય તે જાણવા માટે તપાસ હાથ ધરી છે.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સન્માનપૂર્વક તેમના પરિજનોને સોંપવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધનના સમાચારથી સમગ્ર રાજ્યમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આજ રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્ય સરકારી માનદંડ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનાં ધર્મપત્ની અને પુત્ર સહિતના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયા રાજ્યના પ્રોટોકોલ અનુસાર અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. રાજ્ય સરકારે તેમના યુગદર્શી નેતૃત્વ, જાહેર જીવનમાં નૈતિકતા અને કરુણા, લોકહિતનાં કાર્યોને સ્મરણ કરી,



તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા.સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ની સાથે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, રાજ્યસભા સાંસદ મયંક નાયક સહિત રાજકીય આગેવાનો, ઉચ્ચ અધિકારીઓ તેમજ અનેક સંસ્થાઓ -સમુદાયોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.

# રોટરી ક્લબ તેમજ સમતા યોગ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તારીખ ૨૧ જૂનના આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે રાજકોટ રોટરી ક્લબ મીડટાઉન અને સમતા યોગ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે યોગાચાર્ય ડો નિર્વીશાબેન ધનેસાના માર્ગદર્શન હેઠળ તા. ૧૬ થી તા. ૨૧ જૂન સુધી છ દિવસ નિશુલ્ક યોગ કેમ્પનું આયોજન રોટરી લલિતાલય હોસ્પિટલ,ગીતગુર્જરી સોસાયટી શેરી નંબર ૬,પેટ્રીયા સુઈટ હોટેલ ની સામે નો રોડ, એરપોર્ટ રોડ રાજકોટ ખાતે કરેલું છે જેમાં ડો. નિર્વીશાબેન દ્વારા યોગ પ્રાણાયામ અને ધ્યાન ના અભ્યાસ સાથે જુદા જુદા રોગમાં યોગ અને પ્રાણાયામ ના ફાયદા વિશે સંપૂર્ણ માહિતી અપાશે આ નિઃશુલ્ક ઉપયોગમાં જોડાવા (મો) ૯૪૨૯૫૬૩૨૩૩ તેમજ ૯૪૦૯૩૩૦૦૩૪ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

# હિરાસર એરપોર્ટ પર દિવંગત નેતા વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પવા ભાજપના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા









તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પનોતાપુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની વિમાન દુર્ઘટનામાં આકસ્મિક વિદાય બાદ ગઇ કાલે સદગતનો પાર્થિવદેહનાં ડીએનએ મેચિંગની કામગીરી આટોપાયા બાદ આજે સવારે હોસ્પીટલ તંત્ર દ્વારા સદગતના મૃતદેહની પરિવારજનોને સોંપણી કરવામાં આવી હતી. તે પછી ખાસ વિમાન દ્વારા તેમના પાર્થિવદેહને તેમના માદરેવતન રાજકોટ લાવવામાં આવ્યો હતો. ત્યારે રાજકોટના હિરાસર એરપોર્ટ પર ગુજરાત ભાજપ પ્રદેશના નેતા ભરત બોઘરા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, દર્શીતાબેન શાહ, રમેશભાઇ ટીલાળા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અભિનેત્રી-સીકે ફેશન વર્લ્ડના ચાંદની પરમારે સેવાકાર્યો થકી જન્મદિવસની ઉજવણી કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રખ્યાત અભિનેત્રી-સીકે ફેશન વર્લ્ડના ચાંદની પરમારનો આજે જન્મદિવસ છે. તેઓએ આજે કેક કટિંગ, જમણવાર જેવા ખોટા ખર્ચા ન કરી ગાયને નિરણ, પક્ષીઓને ચણ અને શ્વાનોને દૂધ-લાડુ ખવડાવી, વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ભાવતા ભોજનિયા પીરસી જન્મદિવસની સેવા કાર્યો થકી ઉજવણી કરી હતી. સીકે ફેશન વર્લ્ડના ચાંદની પરમાર અનેક સામાજિક અને શૈક્ષણિક કાર્યો કરી રહ્યાં છે. તેમના જન્મદિવસે આજે ઠેર ઠેર અભિનંદન વર્ષા થઇ રહી છે.

# વિજયભાઈ રૂપાણીના નિધનથી શ્રેષ્ઠ સંગઠક, નિર્મળ નેતૃત્વ, સમર્પિત સ્વયંસેવક, પ્રતિબદ્ધ પ્રેરક, સહજ સમાજસેવકની ખોટ ભાજપ અને ગુજરાતને પડીઃ પ્રવિણાબેન રંગાણી

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા સર્વ દિવંગતોને શ્રદ્ધાંજલિ જિલ્લા પંચાયત પરિવાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ ખાતે થયેલ અત્યંત દુઃખદ વિમાન દૂર્ઘટનામાં હતભાગી દિવંગતો અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ પાઠવતા જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે અત્યંત દુઃખદ વિમાન દુર્ઘટના ની કરૂણાંતિકા થી જનમાનસે ખૂબ જ આઘાત ની અનુભૂતિ કરી છે.

અમદાવાદ ખાતે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણી પણ સ્વર્ગવાસી થયેલ છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર-રાજકોટમાં શોકનું મોજું પ્રસરી ગયું છે. ૨ ઓગષ્ટ, ૧૯૫૬ના રોજ જન્મેલા વિજયભાઈ રૂપાણીએ રાજકોટને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થી પોતાની કારકીર્દી શરૂ કરી કટોકટી દરમ્યાન કારાગાર વાસ વહોરી એક પ્રતિબદ્ધ કાર્યકર્તા નો પરિચય આપ્યો અને સંગઠન અને સત્તાકીય ક્ષેત્રે અનેક મહત્વપૂર્ણ મુકામ પ્રાપ્ત કરેલ જનસંઘ આરએસએસ માં જવાબદારી નિભાવી ને ભાજપ ની પ્રચંડ રાષ્ટ્રવાદ ની વિચારધારા ને પોતાના જીવનમાં ઉતારી ''વ્યક્તિ નહીં પાર્ટી મહાન''ના સૂત્ર ને સાકાર કરી ભવિષ્યની પેઢી પણ ભારતીય જનતા પાર્ટીમાં જોડાય તે માટે અથાગ પરિશ્રમ કરેલ.વિજયભાઈ રૂપાણીએ બુથ લેવલ થી ભારતીય જનતા પાર્ટીમાં જવાબદારી સંભાળી રાજકોટના મેયર, પ્રદેશ ભાજપ મહામંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ,સંકલ્પ અમલીકરણના ચેરમેન,સરકારના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદ, અને રાજ્ય સરકારમાં વાહન વ્યવહાર મંત્રી બન્યા અને ત્યારબાદ રાજ્યના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી ખરા અર્થમાં સંવેદનશીલ પ્રજાભિમુખ સરકારની ઓળખ ગુજરાતની જનતાને કરાવી હતી. સરળ સ્વભાવ અને કુશળ નેતૃત્વ ધરાવતા વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી હોવા છતાં ખરા અર્થમાં કોમનમેન સાબિત થયા હતા.

ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નૈતૃત્વ ધ્વારા પંજાબ અને ચંદીગઢના પ્રભારી તરીકે વિજયભાઈ રૂપાણીને જવાબદારી સોંપાવામાં આવેલ હતી.

આમ રાજકીય-સેવાકીય અને સામાજિક ક્ષેત્રે સદૈવ અગ્રેસર વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન રાજકોટને એઈમ્સની ફાળવણી, અટલ સરોવર અને ન્યુ રેસકોર્ષની ભેટ આપીને રાજકોટવાસીઓના હૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સાથોસાથ સંવેદનશીલ અને સરળ સ્વભાવને કારણે તેઓએ કાર્યકર્તા અને લોકોના હૃદયમાં અસીમ લોકચાહના મેળવી હતી. ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનક્ષેત્રે કુશળતા પૂર્વક કામગીરી કર્યા બાદ મુખ્યમંત્રીપદે હોવા છતાંય વિજયભાઈ રૂપાણીની સાદગી, સરળતા, સાહજિક્તા અને સંવેદનશીલતા લોકોને સ્પર્શતી હતી. ખાસ કરીને રાજકોટના આગેવાનો-કાર્યકર્તાઓ કે જે વર્ષોથી વિજયભાઈ રૂપાણી સાથે લાગણી અને આત્મીયતા ના સંબંધથી જોડાયેલા હતા તેઓ પોતાના પરિવારના મોભી-સ્વજન ગુમાવ્યા હોય તેવી વેદના અને શોક અનુભવી રહ્યાં છે.

દુર્ઘટનામાં વિજયભાઈ રૂપાણીના નિધન ના સમાચાર સાંભળી ગુજરાતભરમાં જયારે શોકનું મોજું પ્રસરી ગયું છે ત્યારે પોતાના વહાલસોયા સ્વ.પુત્ર પૂજિત રૂપાણી ના નામથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આકસ્મિક નિધનથી ગુજરાત અને ભાજપને અકલ્પનીય ખોટ પડી છે. વિજયભાઈ રૂપાણી સાથે વિતાવેલા સંસ્મરણો હરહંમેશ માનસપટ પર રહેશે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા રાજયના પૂર્વ મુખ્યમંત્રી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અમદાવાદ પ્લેન દુર્ઘટનાના તમામ દિવંગતો ના આત્માને ચિર શાંતિ અર્પણ કરી પરમાત્માના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના સાથે શોકભરી શબ્દાંજલિ અર્પણ કરતા રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પી જી કિયાડા,શાસક પક્ષ નેતા સવિતાબેન ગોહેલ, દંડક વિરલભાઈ પનારા,તમામ સમિતિનાં ચેરમેનઓ,તમામ સદસ્યો તથા જિલ્લા પંચાયત પરિવાર વતી અંતમાં જણાવેલ હતું.

# પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન અને અંતિમ યાત્રા સમય માટે નિયત કરાયેલી પાર્કિંગ વ્યવસ્થા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને અંતિમ દર્શન તથા અંતિમ સંસ્કાર માટે રાખવામાં આવનાર છે, ત્યારે શહેર ટ્રાફિક વ્યવસ્થાને સુવ્યવસ્થિત જાળવવા રાજકોટ શહેર પોલીસ દ્વારા ખાસ પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ અંગે નાયબ પોલીસ કમિશનર-ટ્રાફિક પૂજા યાદવ દ્વારા એક યાદીમાં અપીલ કરવામાં આવી છે કે, આમ જનતાએ પાર્કિંગ માટે નિયત કરાયેલી વ્યવસ્થામાં જ વાહનો પાર્ક કરવા. જેથી ટ્રાફિકમાં અવરોધ ન થાય અને ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બની શકે.

પાર્કિંગ વ્યવસ્થાની વિગતોઃ

પાર્કિંગ-૧ વી.વી.આઈ.પી.ઓ માટે કે.કે. શેઠ ફિઝિયોથેરાપી કોલેજના પાછળના ભાગે ઓમકાર એપાર્ટમેન્ટની સામેથી બાજુ પાર્કિંગ માટે તિરુપતિનગર શેરી નં.૧ના ગેટથી પ્રવેશ કરવો.

પાર્કિંગ-૨ નિર્મલા સ્કૂલની અંદરના ભાગે.

પાર્કિંગ-૩ સોજીત્રાનગરમાં આવેલા પાણીના ટાંકાના પાછળના ભાગે ખુલ્લા પ્લોટમાં.

પાર્કિંગ-૪ વિરબાઈ મહિલા કોલેજ નિર્મલા રોડ ફાયર બ્રિગેડની સામે કોલેજના પાછળના ભાગે પાર્કિંગ.

# રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની અંતિમ યાત્રાના રૂટ પર આજે તમામ વાહનો માટે પ્રવેશબંધી તથા નો-પાર્કિંગ જાહેર

## ગ્રીનલેન્ડ ચોકડીથી, કુવાડવા રોડ, પુજીત મકાન સુધીના માર્ગ પર નો એન્ટ્રી, નો પાર્કિંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની અંતિમ યાત્રા ૧૬ જુને નીકળવાની છે. જે અન્વયે બપોરે ૨.૩૦ થી ૪.૦૦ વાગ્યા દરમ્યાન સ્વ. વિજયભાઈ રૂપાણીનો પાર્થિવ દેહને ગ્રીનલેન્ડ ચોકડીથી તેમના નિવાસસ્થાન સુધી લઈ જવામાં આવશે. આ તમામ માર્ગો પર અંતિમયાત્રાના એક કલાક પહેલા વાહનો માટે પ્રવેશબંધી તથા નો પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ આ અંગેના આદેશમાં ફરમાવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીનો મૃતદેહ અમદાવાદથી એમ્બ્યુલન્સ દ્વારા ગ્રીનલેન્ડ ચોકડી સુધી લાવવ-ામાં આવશે. ત્યાંથી ખાસ તૈયાર કરવામાં આવેલી શબવાહિનીમાં અંતિમયાત્રા નીકળશે. જે ગ્રીનલેન્ડ ચોકડીથી કુવાડવા રોડ ડી માર્ટ, રણછોડદાસ આશ્રમ, ડીલક્ષ ચોક, પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ, બેડીનાકા જતા હોસ્પિટલ ચોક ઓવર બ્રિજ પર, અરવિંદભાઈ મણિયાર હોલ, ચૌધરી હાઈસ્કુલ ચોક, ધરમ સિનેમા, આર વર્લ્ડ, બહુમાળી ભવન ચોક, જિલ્લા પંચાયત ચોક, કિસાનપરા ચોક, આમ્રપાલી અંડરબ્રિજ રેસકોર્સ, રૈયા રોડ, આઝાદ ચોક, નરેન્દ્ર પારેખ માર્ગ, હનુમાન મઢી ચોક, નિર્મલા રોડ, નાગનાથ મહાદેવ મંદિરથી પ્રકાશ સોસાયટી, પુજીત મકાન સુધી પસાર થશે. આથી આ રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધી અને નો-પાર્કિંગ (અંતિમ યાત્રા સાથે જોડાયેલા અને સરકારી વાહનો સિવાય) જાહેર કરવામાં આવે છે.

અંતિમ યાત્રાના સમય દરમિયાન આ રૂટ ઉપર બન્ને બાજુની શેરીમાંથી કોઈ પણ પ્રકારના વાહનોના ચાલકો અંતિમ યાત્રાને ક્રોસ કરી શકશે નહીં.

૧૬ જૂને સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન સ્વ. વિજયભાઈના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન કરી શકાશે.

ત્યાર બાદ સાંજે ૫.૦૦ વાગ્યે સ્વ. શ્રી વિજયભાઈની અંતિમયાત્રા ''પુજીત'' મકાનથી નીકળી

(૧) પ્રકાશ સોસાયટી (નિવાસ સ્થાન), (૨) નિર્મલા કોન્વેન્ટ રોડ, (૩) કોટેચા ચોક, કાલાવડ રોડ, (૪) મહિલા કોલેજ ચોક, (૫) એસ્ટ્રોન ચોક, (૬) સરદારનગર મેઈન રોડ, (૭) યાજ્ઞીક રોડ, (૮) માલવિયા ચોક, (૯) ત્રિકોણબાગ ચોક, (૧૦) કોર્પોરેશન ચોક, (૧૧) બાલાજી મંદિર ચોક, (૧૨) રાજશ્રી ટોકીઝ રોડ, (૧૩) સ્વામીનારાયણ મંદિર, ભુપેન્દ્ર રોડ થઈ, (૧૪) રામનાથ પરા સ્મશાન પહોંચશે આ સમગ્ર રૂટ માટેનું પ્રવેશબંધી, નો-પાર્કિંગનું જાહેરનામું યથાવત રહેશે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહિની, ફાયર બ્રિગેડના વાહનો અને સરકારી વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારા વાહનચાલક શિક્ષાને પાત્ર ઠરશે.

# સીટી સમાચાર

## ભાયાવદરનો રેલવે સ્ટેશન રોડ બન્યો 'આઈકોનિક'

ભાયાવદર નગરપાલિકા દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ યોજના હેઠળ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. નગરપાલિકાએ રેલવે સ્ટેશન રોડથી ભાયાવદર નગરપાલિકા સુધીના માર્ગને 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શહેરના આ મુખ્ય માર્ગને વધુ સુંદર, સ્વચ્છ અને સુવિધાજનક બનાવવાનો છે. નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અંતર્ગત થયેલા આ વિકાસકાર્યોથી ભાયાવદરના માર્ગના સૌંદર્યમાં વધારો થશે અને નાગરિકોને પણ સુધારાનો અનુભવ થશે. આ આઈકોનિક રોડ શહેરની ઓળખમાં એક નવું પાસું ઉમેરશે.

## જિલ્લા કક્ષાનુ નશામુક્ત અભિયાન સમિતિની બેઠક

ભારત સરકારના ''નશામુક્ત ભારત અભિયાન''ના અમલીકરણની રાજકોટ જિલ્લા કક્ષાની નશામુક્ત અભિયાન સમિતિની બેઠક તા. ૧૬ જૂન, ૨૦૨૫નાં રોજ સાંજે ૦૫ કલાકે જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, કાલાવાડ રોડ, ક્રિસ્ટલ મોલવાળી શેરી, જ્યોતિનગર ચોક ખાતે યોજાશે. જેમાં સમિતિના સભ્યોએ ઉપસ્થિત રહેવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ જિલ્લામાં ૨૨ જૂન સુધીમાં તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

મૌસમ વિજ્ઞાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા આગામી સાત દિવસ માટે હવામાનની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જે મુજબ, રાજકોટ જિલ્લામાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં ક્રમશઃ બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. આ સાથે ૧૬ થી ૨૨ જૂન દરમિયાન રાજકોટ જિલ્લામાં તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

## પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના નિધન નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૧૬ જૂને રાજકીય શોક જાહેર

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ નિધન થયું છે. દિવંગત પૂર્વ મુખ્યમંત્રીના માનાર્થે ગુજરાત સરકારે ૧૬ જૂન ને સોમવારે એક દિવસનો રાજ્યવ્યાપી શોક જાહેર કર્યો છે. આ દિવસે રાજ્યભરની તમામ સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. આ ઉપરાંત, શોકના દિવસે કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં. વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર ૧૬ જૂન ને સોમવારે રાજકોટ ખાતે કરવામાં આવશે.

# વિંછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલા સિનિયર સિટીઝન સાધન સહાય કેમ્પનો ૧૫૫૭ વરિષ્ઠ નાગરિકોએ લાભ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિંછીયામાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સિનિયર સિટીઝન સાધન સહાય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ વરિષ્ઠ નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ પૂરો પાડવાનો હતો. આ કેમ્પમાં કુલ ૧૫૫૭ દર્દીઓએ લાભ લીધો હતો અને વિવિધ યોજનાઓ હેઠળ સહાય મેળવી હતો.

એલિમ્કો કંપની દ્વારા ૩૬૨ લાભાર્થીઓનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૪૮ વ્યક્તિઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા માટે આવકના દાખલા કાઢી આપવામાં આવ્યા હતા.

૧૬ લાભાર્થીઓને એસ.ટી. વિભાગની યોજનાઓની સમજ આપવામાં આવી હતી. ૮૦ જેટલા વડીલોની બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ માટે આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. ૨૦૫ લોકોને ઉંમરના દાખલા કાઢી આપવામાં આવ્યા હતા. ૪૩૮ લોકોને ક્ષય, મેલેરિયા જેવા રોગો અંગે જાણકારી આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૫૬ વડીલોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, જે તેમને ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ મેળવવામાં મદદરૂપ થશે. ૧૬ વડીલોને નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના ફોર્મ સ્થળ પર ભરાવી આપવામાં આવ્યા હતા. ૩૬ વ્યક્તિઓને આધાર કાર્ડ સંબંધિત સેવાઓ, જેમ કે નવા કાર્ડ બનાવવા, સુધારા કરાવવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. આરોગ્ય શાખાના સ્ટાફે આ કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# ૨૦ જુનથી ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ

**મુખ્ય સમાચાર, લંડન**

શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી ટેસ્ટ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગિલની સાથે, યુવા ટીમને પણ ઈંગ્લેન્ડમાં રેડ બોલ ક્રિકેટમાં કઠિન કસોટીનો સામનો કરવો પડશે.

ટીમ ૧૮ વર્ષમાં ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી શ્રેણી જીતવા પર નજર રાખી રહી છે. ટીમે ૨૦૦૭ થી ઈંગ્લેન્ડ સામે તેમના ઘરે શ્રેણી જીતી નથી. પાંચ મેચની શ્રેણી સાથે, ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના નવા ચક્રની પણ શરૂઆત કરશે.




''મેં ક્યારેય સ્વપનમાં પણ વિચાર્યું ન હતું કે, હું ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન બનવા માંગુ છું. તેથી બધી ટ્રોફી હોવા છતાં, હું એક એવી ટીમ સંસ્કૃતિ બનાવવા માંગુ છું જ્યાં દરેક વ્યક્તિ ખૂબ જ સુરક્ષિત અને ખુશ હોય. હું જાણું છું કે તે ખૂબ જ મુશ્કેલ હોઈ શકે છે.

ખાસ કરીને બધી સ્પર્ધાઓ અને આપણે જેટલી મેચ રમીએ છીએ તે સાથે, ત્યાં અલગ અલગ ટીમો છે. પરંતુ જો હું તે કરી શકું, તો મને લાગે છે કે તે મારું લક્ષ્ય હશે.

તેથી સલામત વાતાવરણ જાળવવું અને ખેલાડીને તેમની ક્ષમતાઓ અને ક્ષમતાઓમાં સુરક્ષિત અનુભવ કરાવવો એ સૌથી મહત્વપૂર્ણ બાબતોમાંની એક છે જે મને લાગે છે કે એક નેતાએ કરવી જોઈએ,'' ગિલે રવિવારે જણાવ્યું હતું.

ગિલે સ્વીકાર્યું કે, રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાથી તેના માટે એક સ્પષ્ટ રસ્તો ખુલ્યો છે. તેણે કહ્યું કે, એવું લાગે છે કે તે આક્રમક નથી. પરંતુ રોહિત તેની વ્યૂહરચનાની દ્રષ્ટિએ ખૂબ જ આક્રમક છે. તે એવી વ્યક્તિ છે જે મેચ પહેલા, શ્રેણી દરમિયાન અને તે પછી પણ ખેલાડીઓ પાસેથી શું ઇચ્છે છે તે અંગે ખૂબ જ સ્પષ્ટ છે.

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૩ જોડી ટ્રેનો આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ઊભી રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર મધ્ય રેલવે દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર, ટેકનિકલ કારણોસર રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૩ જોડી ટ્રેનો જણાવેલ તારીખોથી લઈને આગામી સૂચના ન મળે ત્યાં સુધી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

૧) ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. ૩૧-૭-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૪:૫૦ વાગ્યે આવશે અને ૧૫ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૨૯૭૦ બનારસ-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ તા.૨-૮-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૭:૩૫ વાગ્યે આવશે અને ૭:૪૦ વાગ્યે ઉપડશે.

૨) ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ તા.૧-૮-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨:૪૦ વાગ્યે આવશે અને ૧૨.૫૦ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ તા.૪-૮-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૨૩.૪૦ વાગ્યે આવશે અને ૨૩.૪૫ વાગ્યે ઉપડશે.

૩) ટ્રેન નંબર ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ તા. ૨-૮-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૧૨.૪૦ વાગ્યે આવશે અને ૧૨:૫૦ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ એક્સપ્રેસ તા. ૩૦-૭-૨૦૨૫ થી આગ્રા ફોર્ટને બદલે ઈદગાહ સ્ટેશન પર ૨૩:૪૦ વાગ્યે આવશે અને ૨૩:૪૫ વાગ્યે ઉપડશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# ઉનામાં ધીમીધારે વરસાદનું આગમન થતાં લોકોને ગરમીથી રાહત મળી



### હવામાન વિભાગ હળવાથી લઈને અતિ ભારે વરસાદની આગાહી કરી હતી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના પંથકમાં સવારથીજ ધીમીધારે વરસાદનું આગમન થયું છે જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી છે છેલ્લા ઘણા સમયથી ગરમી અને ઉકલાટથી લોકો ત્રાહિમામ પામ્યા હતા ત્યારે લોકોને ગરમીથી રાહત મળી છે આ વરસાદને કારણે ખેડૂતો પોતાની જમીનમાં હવેથી વાવણી કરશે ત્યારે જે લાંબા સમયથી વરસાદની રાહ જોતા હતા વરસાદ આવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેથી દીવ આવેલા પ્રવાસીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે વરસાદની ધીમીધારે તોફાની બેટિંગ જોવા મળી છે. રવિવારે મધ્ય રાત્રીથીજ વરસાદનું આગમન થયું વરસાદના આગમનથી લોકો ખુશ ખુશાલ જોવા મળ્યા છે ઉના પંથકના રોડ રસ્તાઓ પણ પાણી ભરાયા છે

# રાજકોટના સોનલ વસોયાની સિદ્ધિઃ પેરા કેનો એશિયન ચેમ્પિયનશિપ-૨૦૨૫માં 'કયાક'માં બ્રોન્ઝ મેડલ

### વોટર સ્પોર્ટ્સમાં એશિયન ચેમ્પિયનશિપમાં સતત બીજીવાર મેડલ અપાવનાર ગુજરાતના પ્રથમ ખેલાડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને ગુજરાતનું ગૌરવ સમાન જલપરી એવા પેરા ખેલાડી સોનલ વસોયાએ કેનો કાયાકિંગ વોટર સ્પોર્ટ્સમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

તાજેતરમાં ભોપાલ ખાતે યોજાયેલી પેરા કેનો નેશનલ ચેમ્પિયનશિપમાં વિજેતા થયા બાદ રાજકોટના સોનલ વસોયાનું ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપ માટે સિલેક્શન થયું હતું. જેમાં થાઈલેન્ડ પટાયા ખાતે આયોજિત એશિયન ચેમ્પિયનશિપમાં ૨૦૨૫માં તેમણે ભાગ લીધો હતો.



પેરા કેનો એશિયન ચેમ્પિયનશિપ ૨૦૨૫ માં ૧ કેટેગરીમાં કયાકમાં તેઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને બ્રોન્ઝ મેડલ સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાથે ગુજરાતને વોટર સ્પોર્ટ્સમાં એશિયન ચેમ્પિયનશિપમાં સતત બીજીવાર મેડલ અપાવનાર ગુજરાતના પ્રથમ ખેલાડી તરીકેનું બહુમાન મળ્યું છે. ગત વર્ષે ટોક્યો ખાતે આયોજિત એશિયન ચેમ્પિયનશિપમાં તેઓએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

સોનલ વસોયા તેને મળેલી સિદ્ધિ બદલ સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન આપનાર ગુજરાત સ્ટેટ કાયકિંગ એન્ડ કેનોઈંગ એસોસિએશનના પ્રમુખ ડૉ. ભગવતસિંહ વનાર, સેક્રેટરી ડૉ. પરીક્ષિત કે. ઈચ્છાપોરીયા, ભોપાલમાં ટ્રેનિંગ આપતા કોચ મયંક ઠાકોર, અનિલ રાઠી, રીન્કુ સિંગ તેમજ ધ સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપના પ્રમુખ કાંતિભાઈ પરીખ, અંધજન મંડળના તેજલબેન, યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટના શૈલેષભાઈનો આભાર માનતા જણાવે છે કે, મને મળેલ સફળતામાં તમામ લોકોનો ખૂબ સહયોગ પ્રાપ્ત થયો છે.

વોટર સ્પોર્ટ્સમાં ગુજરાતનું નામ અંકિત કરનાર સોનલ વસોયા અનેક પેરા ખેલાડીઓને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે, ત્યારે ભવિષ્યમાં નવોદિત ખેલાડીઓ સ્પોર્ટ ક્ષેત્રે દેશનું નામ રોશન કરશે તેમ ચોક્કસ કહી શકાય.

# ઉપલેટામાં મંદિરમાં ચોરી કરવા ઘુસેલા શખ્સને લોકોએ ઝડપી લીધો

### દાન પેટીની ઉઠાંતરી કરવા આવેલા બે શખ્સોમાંથી એક શખ્સ ભાગવામાં સફળ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં મંદિરમાં ચોરી કરવા ઘુસેલા શખ્સને લોકોએ ઝડપી પાડયો હતો. દાનપેટીમાંથી ઉઠાંતરી કરવા આવેલા બે શખ્સોમાંથી અન્ય એક શખ્સ ભાગવામાં સફળ રહ્યો હતો.

વધુ વિગત મુજબ ઉપલેટાના સ્વામીનારાયણ સોસાયટી વિસ્તારમાં આવેલા રામદેવપીરના મંદિરની દાન પેટી ઉઠાનતરી કરવા માટે તસ્કરો દ્વારા કામગીરી કરવામાં આવી રહી હતી તે દરમિયાન સ્થાનિકમાં રહેતી એક યુવતી જોઈ જતા અને અવાજ સાંભળી જતા દિકરો થયો હતો જે બાદ સ્થાનિકો જાગી જતા રાત્રિના અંદાજિત સાડા બાર વાગ્યા આસપાસ એક વ્યક્તિને સ્થાનિકોએ ઝડપી - લેવામાં આવ્યો હતો જે બાદ સ્થાનિકો દ્વારા તસ્કરી કરવાના ઈરાદાથી આવેલ હોવાનું માલુમ પડતા ઉપલેટા પોલીસને જાણ કરતા ઉપલેટા પોલીસની ટીમ બનાવ સ્થળે દોડી આવી હાથમાં આવેલા વ્યક્તિની અટકાયત કરી રાત્રિના પોલીસ સ્ટેશન ખાતે લઈ ગઈ હોવાની માહિતી મળી હતી જે બાદ આ અંગે તપાસ કરતા ઝડપાયેલા વ્યક્તિ ઉપર ઉપલેટા પોલીસમાં પ્રોહિબિશન એટલે કે પીધેલી હાલતમાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ વ્યક્તિ મળ્યો હોવાની બાબતની પોલીસ ફરિયાદ દાખલ કરી છે.

આ બન્ને અલગ અલગ બાબતોમાં સ્થાનિકો સાચા કે પછી પોલીસે દાખલ કરેલી ફરિયાદ સાચી તેને લઈને સ્થાનિકોમાં કંઈક અલગ રંધાય ચૂક્યું હોય જેમાં ઘટના કંઈક અલગ હોય અને પોલીસ ચોપડે કંઈક અલગ બતાવવાનો પ્રયત્ન થઈ રહ્યો હોય તેવી સ્થાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે ત્યારે આ બાબતમાં સ્થાનિકોએ સ્પષ્ટ રીતે મીડિયા અને માહિતી આપતા જણાવ્યું છે કે દાન પેટી ની ઉઠાનતરી કરી રહ્યા હતા તે દરમિયાન નજીકમાં રહેતી એક યુવતી રાત્રી દરમિયાન જોઈ ગયેલ હતી અને આસપાસના લોકોને ઉઠાડી આ વ્યક્તિઓને ઝડપી લેવા માટે કામગીરી કરી હતી જેમાં એક વ્યક્તિ સ્થાનિકોના હાથમાં આવી જતા તેમને પકડી રાખી ઉપલેટા પોલીસને ફોન કરતા ઉપલેટા પોલીસ દોડી આવી હતી અને સ્થાનિકોના હાથે લાગેલ વ્યક્તિની અટકાયત કરી પોલીસ સ્ટેશન ખાતે લઈ ગઈ હતી. જેમાં આ ઘટના સ્થળની સાથે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં એક પોલીસ ફરિયાદ નોંધાય છે.

# રાજકોટ સહિત રાજયભરમાં લોકરક્ષકની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

ગઈકાલ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, આણંદ અને ગાંધીનગર ખાતે યોજાઈ હતી. પોલીસ વિભાગ તથા શિક્ષણ વિભાગના સંકલનમાં પરીક્ષા લક્ષી સાહિત્ય તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સમયસર પહોચાડી, સફળતાપૂર્વક પરીક્ષા પૂર્ણ કરેલ છે. આ પરીક્ષામાં કુલ ૨,૪૭,૮૦૪ ઉમેદવારો પૈકી ૨,૩૭,૩૭૨ ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક પરીક્ષામાં ભાગ લીધેલ હતો. હાજર રહેલ ઉમેદવારોની ટકાવારી ૯૫.૮૦% હતી. પરીક્ષામાં ગેરરીતિના ચાર બનાવ બનેલ હતી, જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. હાજર રહેલ ઉમેદવારોની ઓએમઆર સીટની સ્કેનીંગ અંગેની કાર્યવાહી ચાલુમાં છે. જે ટૂંક સમયમાં ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવનાર છે. જેથી ઉમેદવારો પોતાની ઓએમઆર સીટ ડાઉનલોડ કરી શકે. અમદાવાદમાં એક ઉમેદવારને પગમાં ફ્રેકચર થયેલ હતુ તેને સ્થાનિક પોલીસે પરીક્ષા કેન્દ્ર સુધી પહોચવામાં મદદ કરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડેલ હતું. કેટલાક પરીક્ષા કેન્દ્રો ખાતે ઉમેદવારોને તાત્કાલિક મેડીકલ સારવારની જરૂરિયાત ઉભી થયેલ હોવાથી ૧૦૮ ની મદદ લઇ ઉમેદવારોને જરૂરી સારવાર પુરી પાડેલ હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક


# રાજકોટ જિલ્લામાં ગેરકાયદે ઘુસણખોરી કરીને રહેતી બે બાંગ્લાદેશી મહિલાઓ ઝબ્બે

### શાપર અને મેટોડા પોલીસની સંયુકત કામગીરી, પૂછતાછ બાદ સુચના અનુસાર તમામને ડીપોર્ટ કરવામાં આવશે






**મુખ્ય સમાચાર, રાજકોટ**

પહેલગામમાં થયેલ આતંકી હુમલા બાદ દરેક રાજ્યોને એલર્ટ આપવામાં આવ્યું હતું જે અંતર્ગત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મળેલી સુચના અન્વયે રાજકોટ રૂરલ એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે ત્યારે ગેરકાયદે ઘુષણખોરી કરી મેટોડા અને શાપરમાં વસવાટ કરતી વધુ ૨ બાંગ્લાદેશી મહિલાઓ મળી આવી હતી. બન્ને મહિલાઓની સઘન પૂછતાછ કરી રાજ્ય સરકારની સુચના મુજબ ડીપોર્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ જીલ્લાના મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ.એચ.શર્મા, શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ગેઈટ નં ૨ પાસે આવેલ બસ સ્ટેન્ડ પાસે એક બાંગ્લાદેશી મહિલા ઉભેલ હોય જે બાતમી વાળા સ્થળે પહોંચી તપાસ કરતા ઉભેલ મહિલાને નામઠામ હાલ ચોટીલા રહેતી પાંખીબેગમ ઉર્ફે સુમી ખલીલ સરદાર, શાપર-વેરાવળ બસ સ્ટેન્ડમાંથી હાસીબેન હમઝા મંડલ હોવાનું જણાવતા જેથી બન્ને મહિલાઓ પાસે આધાર પુરાવવા માંગતા ન હોવાથી પુછપરછ કરતા પોતે બાંગ્લાદેશી નાગરીક હોવાની કબુલાત આપી હતી.બન્ને મહિલાઓ પાસેથી બાંગ્લાદેશનું આઈડી કાર્ડ મળેલ જેથી શંકાસ્પદ મહિલાઓને નજર કેદ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ગોકુલનગરમાં દંપતી સહિત ચારનો માતા-બે પુત્રો પર છરી-સળીયા વડે જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતા યુવાનના ભાઈના પુત્રથી પાડોશીના પુત્રને લાગી ગયાનો ખાર રાખી માતા-પુત્રો પર જીવલેણ હુમલો કરતા માતાની હાથની પાંચ નર્સ કપાઈ જતા સારવામાં હેઠળ ખસેડાઈ હતી.પોલીસે ચારેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગોકુલનગર શેરી નં ૩માં રહેતા હનીફ ગુલમામદભાઈ સવાણએ ભકિતનગર પોલીસમાં એજાજ અનવરભાઈ હેરંજા, અનવર રમઝાનભાઈ હેરંજા, હમીદા અનવરભાઈ હેરંજા અને પરવીન અનવરભાઈ હેરંજા સહિતના સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલ સવારે ઘરની બહાર બાઈક કાઢતો હતો ત્યારે હમીદાએ કહ્યું કે આજ તો તમારો ફેસલો કરી નાખવો છે રોજ ઉઠીને માથાકુટ નહી તેમ બોલતા હોય જેથી મે તેમને આ રીતે બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરી ઝઘડો કરવા લાગતા તેના પતિ-પુત્ર અને પુત્રી સહિતના ઘરમાંથી બહાર આવી ગાળો બોલવા લાગ્યા બાદ મારાભાઈ ઈમરાને એજાજે સળીયાનો ઘા ઝીંકી દીધો તેમજ મને છરીના બે ઘા માર્યા હતા.જેથી મારા મમ્મી વચ્ચે પડતા તેને પણ એજાજે જમણા હાથમાં બે ઘા ઝીંકી દેતા હાથથી પાંચ નર્સ કપાઈ ગઈ હતી. બનાવનું મુખ્ય કારણ એ છે કે બે દિવસ પૂર્વે મારાભાઈનો પુત્ર શેરીમાં સાયકલ ફેરવતો હતો ત્યારે એજાજના પુત્રને લાગી ગયાનો ખાર રાખી હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે મુખ્યમંત્રી, ગૃહમંત્રી સહિતના નેતાઓ રાજકોટમાં

### વિજયભાઈ રૂપાણીના અંતિમ સંસ્કારમાં હાજર રહેશેઃ ગુજરાત સહિત દેશભરમાંથી મંત્રીઓ, સંગઠનના નેતાઓ ઉપસ્થિત રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થયા બાદ આજે રાજકોટ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. આ પહેલાં ૬.૨ કિલોમીટરની સ્મશાન યાત્રા નીકળશે સાથે સાથે અંતિમ દર્શન માટે એક કલાક સુધી પાર્થિવ શરીર તેમના નિવાસસ્થાને ખાતે રાખવામાં આવનાર છે. બીજી બાજુ આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતના દિગ્ગજ નેતાઓ રાજકોટમાં ઉપસ્થિત રહેનાર હોવાનું ભાજપ અગ્રણી ધનસુખભાઈ ભંડેરીએ રાજકોટ ખાતે તેમના જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે આજે પાર્થિવ શરીર રાજકોટ આવી ગયા બાદ અંતિમ દર્શનાર્થે નિવાસસ્થાને રાખવામાં આવનાર છે ત્યારે કોઈ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે સઘળી વ્યવસ્થા કરવામાં આવી છે. આ વેળાએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી ઉપરાંત ગુજરાત સહિત દેશભરમાંથી મંત્રીઓ, સંગઠનના નેતાઓ સહિતના રાજકોટમાં હાજર રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે વિજયભાઈ રૂપાણીના ડીએનએ પાંચમા દિવસે મેચ થયા બાદ આજે તેમનો દેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. આ દૂર્ઘટના બની ત્યારથી લઈ આજ સુધી મુખ્યમંત્રી, ગૃહમંત્રી તેમજ કેબિનેટના મંત્રીઓ સહિતના દિગ્ગજો ખડેપગે રહ્યા હતા સાથે સાથે વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, ફાયરબ્રિગેડ સહિતના જવાનો પણ સ્ટેન્ડ બાય રહી મૃતકોના પરિવારજનોની પડખે રહ્યા હતા.

## ...તો રાધિકાએ પિતા વિજયભાઈ રૂપાણી સાથે લંડનમાં "ફાધર્સડે" ઉજવ્યો હોત!



**મુખ્ય સમાચાર, મુંબઈ**

આખું વિશ્વ ફાધર્સ ડે સેલિબ્રેટ કરી, પિતા પ્રત્યેની લાગણીઓને વ્યક્ત કરી રહ્યું છે. કેટલાંક એવા પણ સંતાનો છે જે તેમના પિતાથી કાયમ માટે વિખૂટા પડી ગયા છે. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું. વિજય રુપાણી દીકરીને મળવા માટે જ લંડન જવા નીકળ્યા હતા.. જો એ ગોઝારી દુર્ઘટના ન ઘટી હોત તો આજે કદાચ વિજય રુપાણી તેમની દીકરી સાથે લંડનમાં ફાધર્સ ડે સેલિબ્રેટ કરી રહ્યા હોત.. પણ ઈશ્વરને કંઈક ઓર જ મંજૂર હતું.ચાર વર્ષ પહેલા જ્યારે વિજય રુપાણીએ રાજીનામું આપ્યું.લોકોએ વિજય રૂપાણીને કેમ રાજીનામું આપવું પડ્યું તે અંગે પોતાના વિચારો ઓનલાઈન પોસ્ટ કર્યા હતા. આ વચ્ચે વિજય રૂપાણીની દીકરી રાધિકા રૂપાણીએ પોતાના પિતાના રાજીનામા અંગે એક પોસ્ટ શેર કરી હતી.દીકરી રાધિકાએ ફેસબૂક પર કરેલી પોસ્ટમાં પોતાના પિતાની રાજકીય કારકિર્દી તેમજ ભાજપના કાર્યકાળની ઝીણવટથી વાતો કરી હતી.

# ગોકુલનગરમાં કોલેજીયન યુવાને ઝેરી દવા પી કર્યો આપઘાત

### કારણ અકબંધ; યુવકે સારવારમાં દમ તોડતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા ગોકુલનગરમાં રહેતા ૧૮ વર્ષીય યુવકે ઘરે ઉલ્ટી કરતાં પરિવારને જાણ થઈ હતી કે તેને ઝેરી દવા પીધી છે. જે બાદ તુરંત જ તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં ચાલુ સારવારમાં જ તેને દમ તોડી દીધો હતો. જો કે યુવકે કયા કારણોસર આ પગલું ભરી લીધું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે.

બનાવની હકિકત મુજબ, ગોકુલનગરમાં રહેતો ૧૮ વર્ષીય પ્રેમ દિલીપભાઈ ચોટલીયા નામનો યુવકે ઘરે ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી લીધા બાદ ઉલટી કરતો હોય જેથી પરિવારને જાણ થઈ હતી.

સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં જ યુવકનું મોત નિપજ્યું

બનાવ અંગે જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી જઈ મૃતદેહને પીએમ માટે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના પિતા દિલીપભાઈના જણાવ્યા મુજબ, તેમને સંતાનમાં બે પુત્ર છે જેમાં પ્રેમ નાનો હતો.

તે કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરવાની સાથે ડિલિવરી બોય તરીકે નોકરી કરતો હતો.

જો કે ૧૮ વર્ષીય યુવાન પુત્રએ ક્યાં કારણસર આવું પગલું ભર્યું તે અંગે કોઈ કારણ ન હોવાનું જણાવ્યું હતું બનાવ અંગે ભક્તિનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બોટાદનાં અડતાળા ગામનાં યુવાનનો મૃતદેહ વતન લાવતા ગામ હિબકે ચડ્યું

### સગાઈ માટે લંડનથી આવ્યા બાદ હાર્દિક પરત જતો હતો અને વિમાન દુર્ઘટનાનો ભોગ બન્યો



**મુખ્ય સમાચાર, બોટાદ**

અમદાવાદમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના વતની હાર્દિકભાઈ અવૈયા ઉંમર ૨૪ વર્ષે નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાર્દિકનો મૃતદેહ આજે સવારે તેમના વતન અડતાળા ગામે લાવવામાં આવતા પરિવારમાં આકંદ છવાઈ ગયો હતો. આ યુવાન પુત્રના અકાળે અવસાનથી અવૈયા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.

અમદાબાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હાર્દિકભાઈ અવૈયાનો મૃતદેહ અડતાળા લાવવામાં આવ્યો હતો. હાર્દિકનો મૃતદેહ ઘરે પહોંચતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો હતો. દીકરાના લાશ જોતા જ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. હાર્દિકને લંડન અભ્યાસ માટે તેના પિતા દેવરાજભાઈ અવૈયાએ જમીન વેચીને મોકલ્યો હતો. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના અળતાલા ગામના હાર્દિકભાઈ અવૈયા છેલ્લા ત્રણ વર્ષથી લંડનમાં અભ્યાસ અને નોકરી કરતા હતા. તેમના પિતા દેવરાજભાઈ અવૈયાએ પોતાના પુત્રના ઉજ્જ્વળ ભવિષ્ય માટે જમીન વેચીને તેમને લંડન મોકલ્યા હતા. દેવરાજભાઈને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે, જેમાં હાર્દિક સૌથી નાના હતા.

હાર્દિકભાઈ તાજેતરમાં જ વતનમાં આવ્યા હતા. કારણ કે તેમનું કામરેજ તાલુકાના વિભૂતિબેન પટેલ સાથે સગાઈ નક્કી થઈ હતી. દીકરાના આગમનથી પરિવારમાં ખુશીનો માહોલ હતો, પરંતુ વિમાન દુર્ઘટનાએ આ ખુશીને માતમમાં ફેરવી દીધી. હાર્દિકભાઈની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળતા જ આખું અડતાળા ગામ હિબકે ચડયું હતું.

ગામમાં શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો અને સગા-સંબંધીઓ હાર્દિકભાઈને અંતિમ વિદાય આપવા ઉમટી પડ્યા હતા. આ દુઃખદ પ્રસંગે ગઢડા મામલતદાર, પોલીસ ટીમ અને મેડિકલ ટીમ પણ હાજર રહી હતી અને પરિસ્થિતિને સંભાળવામાં મદદ કરી હતી. હાર્દિકના સગા હસમુખભાઈ ગાબાણીએ જણાવ્યું કે, હાર્દિક એક મહેનતુ અને આશાસ્પદ યુવાન હતા જે લંડનમાં રહીને પોતાનો અભ્યાસ પૂર્ણ કરી રહ્યા હતા અને સાથે નોકરી પણ કરતા હતા. તેમના અકાળે નિધનથી અવૈયા પરિવારને, ખાસ કરીને તેમના માતા-પિતા પારાવાર દુઃખ થયું છે. સમગ્ર અડતાળા ગામ આ દુખની ઘડીમાં અવૈયા પરિવારની પડખે ઊભું છે.

## રાજકોટમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો કાર ચાલક ઝડપાયો

### ૧૨૦ બોટલ દારૂ, કાર અને મોબાઈલ મળી ૬.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જુના માર્કેટીંગ યાર્ડ પાસે મનહર સોસાયટી પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે પોલીસે ચાલકને ઝડપી લીધો હતો. દારૂ, કાર અને મોબાઈલ મળી ૬.૫૧ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં જુના માર્કેટીંગ યાર્ડ પાસે મનહર સોસાયટી પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ પસાર થઈ રહ્યો હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવી હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી કાર શંકાસ્પદ જણાતા પોલીસે તેને અટકાવી તેની તલાસી લેતા રૂ.૧,૪૬,૪૦૦ ની કિંમતની ૧૨૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક રોહીત ભરતભાઈ ભેસજાળીયા (રહે. માધવ વાટીકા શેરી નં.૧, માંડા ડુંગર પાછળ, આજીડેમ પાસે, રાજકોટ)ને ઝડપી લીધો હતો પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી રૂ.૬,૫૧,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ગુનો દાખલ કરી દારૂ ક્યાંથી અને કોના માટે લાવ્યો હોવાની તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં બેટરી ચોરીનો ભેદ ઉકેલાયોઃ બેલડી ઝડપાઇ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના શહેરી વિસ્તારમાં બેટરી ચોરી કરતી બેલડીને ગોંડલ પોલીસે દબોચી લઇ રીક્ષા સહિત રૂ.૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જયારે એ ડિવિઝન પોલીસની ટીમે રામનાથપરા જુની જેલના જાપા પાસે બે શખ્સોને ચોરાઉ મોબાઇલ સાથે દબોચી લઇ ૧૭ મોબાઇલ કબ્જે કર્યા છે.


પ્રથમ બનાવમાં ગોંડલ સીટી પોલીસના પીઆઇ એલ.આર.ગોહિલની સુચનાથી હેડ કોન્સ. યુવરાજસિંહ, કોન્સ. ભાવેશભાઇ અને ક્રિપાલસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે ગોંડલ આવાસ યોજના કવોર્ટરમાં રહેતો રમઝાન ઉર્ફે મોહસીન હુસેન બ્લોચ તથા વોરા કોટડા રોડ પર રહેતો વિજય સંદિપ મેણીયા નામના બે શખ્સોને દબોચી લઇ ચાર ચોરાઉ બેટરી અને ઓટો રીક્ષા સહિત રૂ.૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જયારે બીજા બનાવમાં એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઇ એસ.એમ.રાણા, હેડ કોન્સ. કનુભાઇ તથા સાગરભાઇ અને ધર્મેશભાઇ સહિતનો સ્ટાફ રામનાથપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જુની જેલના જાપા પાસેથી સુબ્રમની બાલરાજ તાંબલ (રહે. તામિલનાડું) તથા કુમરેસન મારી તાંબલ (રહે. તામિલનાડું) નામના બન્ને પરપ્રાંતિય શખ્સોને દબોચી લઇ રૂ.૩.૫૫ લાખની કિંમતના ૧૭ ચોરાઉ મોબાઇલ કબ્જે કર્યા હતા.



રામનાથપરા જુની જેલ પાસે ૧૭ ચોરાઉ મોબાઇલ સાથે બે શખ્સોની ધરપકડ

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ધોરાજીનાં ભાવિ તબીબ યુવાનનો આબાદ બચાવ



### ધોરાજીનાં તબીબનો પુત્ર દેવ દર્દીઓમાં વ્યસ્ત હોવાથી જમવામાં મોડુ થતાં જીવ બચી ગયો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીનાં ડોક્ટરનો પુત્ર ડોક્ટર દેવ ગોવાણી ઈન્ટરસીપ માટે અમદાવાદમાં રહેતો અને જે વિમાન ક્રેશ થયું તે જ નેશમાં જમવા માટે મોડું થતાં દેવ ગોવાણીનો આબાદ બચાવ થઈ ગયો હતો. ધોરાજીના સંતોષી મા ગરબી મંડળ ચોકમાં દવાખાનુ ધરાવતા ડો.જીતેન્દ્ર ગોવાણી એ માહિતી આપતા જણાવેલ કે અમદાવાદ થી લંડન તરફ જતું એર ઈન્ડિયા નું વિમાન ક્રેશ થયું અને દુર્ઘટનાગ્રસ્ત થઈ ને બી જે મેડિકલ હોસ્ટેલ બિલ્ડીંગ પર પડયું અને મોટીસંખ્યામાં જાનહાનિ સર્જાઈ હતી અને વિમાન માં બેઠેલા એક વ્યક્તિને બાદ કરતા તમામ યાત્રિકો નાં મોત થયા અને જે વિમાન ક્રેશ થતાં બી જે મેડિકલ હોસ્પિટલ નાં મેસ માં જમવા બેઠાલા ડોક્ટરો અને કામ કરતાં ઘણાં લોકો ને ભારે ઈજા ઓ પહોંચી હતી અને તેમાં પણ ઘણા મોત નિપજેલ પણ કહેવાય છે ને રામ રાખે તેને કોણ ચાખે ધોરાજી નાં ડોક્ટર જીતેન્દ્રભાઈ ગોવાણી નો પુત્ર દેવ ગોવાણી ડોક્ટર બનીને અમદાવાદ માં ઈન્ટરસીપ માટે અમદાવાદ માં રહેતા અને આ બી જે મેડિકલ હોસ્ટેલ માં રોજ સમયસર જમવા માટે બધાં સાથે ભોજન કરતાં પણ દેવ ગોવાણી પોતાની યુટી માં વ્યસ્ત હોય અને દર્દી ઓનો ઘસારો જોવાથી મોડું થયું અને રોજની જેમ જમવા માટે મોડું થયું અને તે પહોંચે તે પહેલાં આજ બિલ્ડીંગ પર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને બી જે મેડિકલ હોસ્ટેલનાં મેસમાં અને વિમાન ક્રેશમાં મૃત્યુ પામ્યા હતા. આ સમયે દેવ ગોવાણી જમવા માટે સ્થળ પર પહોંચ્યા અને જે પરીસ્થીતી જોઈ ત્યારે પગ પર થી જમીન નિકળી ગઈ જયા જોવો ત્યાં બળેલી લાશ અને ઈજાગ્રસ્તો નો ઢગલા અને નાશ ભાગ અને દેવ ગોવાણી નાં પરીવાર ને જાણ કરી અને હું સુરક્ષિત છું મને કશું થયું નથી પણ જે બિલ્ડીંગ માં વિમાન ક્રેશ થઈ ને પડયું હતું ત્યાં એમ્બ્યુલન્સ સેવા ડોક્ટરો ફાયર બ્રિગેડો ની ગાડી અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી હતી અને દેવ ગોવાણી એ પણ આ રાહત કામગીરીમાં ભાગ લીધો અને બચાવ કામગીરી કરી હતી.

## પ્લેન ક્રેશનો વીડિયો બનાવનાર આર્યન હાલ ભારે આઘાતમાં

ગુજરાતના અમદાવાદમાં ગુરુવાર, ૧૨ જૂનના રોજ થયેલા પ્લેન ક્રેશનો વીડિયો બધાએ જોયો છે. આ વીડિયોમાં, પ્લેન ખૂબ જ નીચે ઉડે છે અને પછી ક્રેશ થાય છે તે જોવા મળે છે. આ ઘટના પછી, સોશિયલ મીડિયા પર તેનો વીડિયો સૌથી વધુ વાયરલ થયો છે. ત્યારે આ અકસ્માતનો વીડિયો રેકોર્ડ કરનાર ૧૭ વર્ષનો છોકરો આખું દ્રશ્ય જોઈને ખૂબ જ ડરી ગયો છે. અમદાવાદનો રહેવાસી ૧૭વર્ષનો આર્યન હંમેશા શોખ માટે પ્લેનનો વીડિયો બનાવતો હતો. ગુરુવારે પણ, તે એક સામાન્ય વીડિયો બનાવી રહ્યો હતો. વીડિયો રેકોર્ડ કરતી વખતે.આર્યને લાગ્યું કે પ્લેન રનવે પર ઉતરી રહ્યું છે, પરંતુ થોડીક સેકન્ડ પછી થયેલા વિસ્ફોટથી તે હચમચી ગયો.

# રાજકોટમાં વીજળી પડતા યુવક અને ૧૪ ઘેટાં-બકરાંના મોત

### અસહ્ય બફારા બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે તોફાની વરસાદ વરસતા ભયનો માહોલ જોવા મળ્યો'તોઃ પોપટપરામાં છત ઉપર પણ વીજળી ત્રાટકીઃ કોઈ જાનહાની નહીં


**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અસહ્ય બફારા બાદ સંધ્યા ટાણે એક જ કલાકમાં દર સેકન્ડે વીજળીના કડાકા-ભડાકા સાથે સવા ત્રણ ઇંચ તોફાની વરસાદે ચારેબાજુ પાણી પાણી કરી દીધું હતું. રાજકોટમાં વરસાદ સાથે આફત વરસી હોય તેમ વીજળી પડવાથી યુવક અને ૧૪ ઘેટાં-બકરાંના મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી હતી. આકાશમાં વારંવાર થતી વીજળીના પ્રચંડ અવાજથી નાના બાળકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

રાજકોટમાં ગઈ કાલે સાંજે ૫.૩૦ કલાકે ૪૦.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તેના એક કલાકમાં એટલે કે સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન અચાનક જ હવામાન પલટો આવ્યો હતો. એક જ કલાકમાં દર સેકન્ડે વીજળીના કડાકા-ભડાકા સાથે સવા ત્રણ ઇંચ તોફાની વરસાદે ચારેબાજુ પાણી પાણી કરી દીધું હતું. આકાશમાં વારંવાર થતી વીજળીના પ્રચંડ અવાજથી નાના બાળકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જે કડાકા-ભડાકા વચ્ચે રાજકોટમાં જુદા જુદા બે સ્થળે વીજળી ખાબકી હતી. જેમાં રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાં રહેતા દલુભાઈ બીજલભાઈ બારૈયા નામનો ૪૩ વર્ષનો યુવાન સાંજે છએક વાગ્યાની આસપાસ ઘર નજીક હતા ત્યાર વીજળી પડતાં તેને ઈજા પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ અંગે યુનીવર્સીટી પોલીસ મથકના હિતેશભાઈ જે. જોગડાએ આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરમાં કોરોનાના વધુ ૯ કેસ, બિહારથી આવેલા મહિલાને સંક્રમણ

### સૌરાષ્ટ્રના બે જિલ્લામાં વધુ ૧૩ લોકોને કોરોના લોધિકામાં બે તેમજ જામનગર શહેરમાં પણ વધુ બે મહિલાને કોરોના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના વધુ બે જિલ્લામાં કોરોનાના વધુ ૧૩ કેસ જોવા મળ્યા છે. રાજકોટ શહેરમાં વધુ ૯ લોકોને કોરોના થયો છે, અને જિલ્લાના લોધિકા તાલુકામાં વધુ બે દર્દી કોરોના પોઝિટીવ થયા છે, જયારે જામનગર શહેરમાં વધુ બે કોરોનાના પોઝિટીવ કેસ આવ્યા છે.

શહેરમાં કેસ સામે આવ્યા એમાં ભગવતીપરાના ૪૯ વર્ષીય પુરુષ, કલ્યાણ સોસાયટીના ૭૨ વર્ષીય વૃદ્ધા, અક્ષરવાટિકામાં ૩૧ વર્ષીય મહિલા, કરણપરામાં ૬૦ વર્ષીય વૃદ્ધા, સહજાનંદ પાર્કમાં ૩૪ વર્ષીય મહિલા, અમૃતનગરમાં

૩૨ વર્ષીય પુરુષ, એજીએ સ્ટાફ ક્વાર્ટરમાં ૪૨ વર્ષીય મહિલા, અંબિકા ટાઉનશિપમાં ૨૮ વર્ષીય પુરુષ અને ઠક્કરબાપા સોસાયટીમાં ૬૧ વર્ષીય વૃદ્ધાનો સમાવેશ થાય છે. જેમાં અક્ષરવાટિકાના મહિલાની ટ્રાવેલિંગ હિસ્ટ્રી જૂનાગઢ અને એજીએ સ્ટાફ ક્વાર્ટરના દર્દીની ટ્રાવેલિંગ હિસ્ટ્રી બિહાર જાહેર કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાં અત્યાર સુધીમાં ૧૯૫ લોકોને કોરોના થઈ ચૂક્યો છે. એમાંથી ૧૦૫ સાજા થયા છે, તો ૬૦ દર્દી હજી સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે. જયારે જિલ્લામાં છેલ્લા પખવાડિયામાં ૩૮ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૧૭ લોકો સાજા થયા છે, જયારે ૨૧ દર્દી હજી હોમ આઈસોલેશન હોવાનું જાણવા મળે છે. જામનગરમાં કોરોના પોઝિટીવ આવેલા દર્દીઓમાં એક ૩૭ વર્ષની મહિલા શહેરના આસોપાલવ સોસાયટીની અને પટેલ કોલોની વિસ્તારમાં રહેતા એક ૭૭ વર્ષના વૃદ્ધનો સમાવેશ થાય છે. જામનગરમાં અત્યાર સુધીના કુલ કોવીડના ૧૧૬ કેસ નોંધાયા છે. જેમાં રવિવારે વધુ ૫ દર્દીઓ સાજા થતાં અત્યાર સુધીમાં કુલ ૯૯ કોરોનાના દર્દીઓ સાજા થયા છે. જયારે ૪૬ કોરોનાના દર્દીઓને હોમ આઈસોલેશન કરવામાં આવ્યા છે. જયારે ૧ દર્દી હોસ્પિટલમાં દાખલ છે.

# કાલાવડમાં એડવોકેટની હત્યામાં ઝડપાયેલા બંને શખસો બે દિવસના રિમાન્ડ પર

### પત્ની પર ખરાબ નજર નાખતા હોવાથી એક અઠવાડીયાથી ડખ્ખો ચાલતો હતો, પોલીસે બંને શખસોની આકરી ઢબે પૂછપરછ આરંભી, છરી કબજે કરવા તજવીજ

**મુખ્ય સમાચાર, જામનગર**

કાલાવડમાં પત્ની ઉપર ખરાબ નજર નાખતા પતિએ મિત્ર સાથે મળીને એડવોકેટની કરેલી હત્યામાં પોલીસે બન્ને શખસોની ધરપકડ કરીને એક દિવસના રીમાન્ડ પર લઈને આકરી ઢબે પુછપરછ આરંભી છે અને હત્યામાં વપરાયેલી છરી કબજે કરવાની તજવીજ હાથ ધરી છે.

કાલાવડમાં ખત્રીવાડ શેરી, ગરબીચોકમાં રહેતા અને વકીલ મંડળના સેક્રેટરી ઈમ્તિયાઝભાઈ કેશરભાઈ દોઢીયા (ઉ.વ.૪૨) નામના એડવોકેટ શુક્રવારના રાત્રીના સાડા દશેક વાગ્યે ઘરનું તાળુ ખોલતા હોય ત્યારે આરોપી વૈભવ ચાવડા અને યોગેશ ઉર્ફે લાલો ભીખાલાલ પરમારે હુમલો કર્યો હતો અને યોગેશે એડવોકેટને ગળેથી પકડી રાખીને વૈભવએ છરીના આડેધડ ઘા મારીને કરપીણ હત્યા નિપજાવી હતી. આ સમયે એડવોકેટના ભાઈ આસીફભાઈ આવી જતાં તેમને પણ કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપીને નાશી છુટ્યા હતાં. જે અંગેની મૃતકના ભાઈ આસીફભાઈની ફરિયાદ પરથી પોલીસે બન્ને શખસો સામે ગુનો નોંધ્યો હતો. હત્યાના બનાવથી પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને જિલ્લામાં નાકાબંધી કરાવીને બન્ને શખસોએ હાપા પાસેથી એલસીબીએ ઝડપી લીધા હતાં. જેનો કબજો કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ નર્મદાબેન આંબલીયા તેમજ રાઈટર રવિરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે લઈને બન્ને શખસોને કોર્ટમાં રજુ કરીને એક દિવસના રીમાન્ડ પર લઈને આકરી ઢબે પુછપરછ આરંભી છે અને તેના કબજામાંથી હત્યામાં વપરાયેલી છરી કબજે કરવાની તજવીજ હાથ ધરી છે.